**રે.દિ.મુ. નં.૨૪/ ૨૦૧૩**

**આંક – ૫ લગત હુકમ** :–

(૧).. વાદીએ હાલની મનાઈ અરજી આપી એવી દાદ માંગેલ છે કે, મોજે ગામ મોટા વાસણા તા. જગડીયા, જી ભરૂચની સીમમા આવેલ બ્લોક/સર્વે નં. ૨૫૬ હે.આરે.ચો.મી. ૦–૪૧–૦૦ની વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટાની જમીનમા પ્ર.વાદી હસ્તે પરહસ્તે હરકત હેલો અટકાયત કે દર દખલ કરે કરાવે નહી કે તેમા કામકાજ કરતા વાદીઓને કે તેમના માણસોને અંતરાય કે અવરોધ કરે કરાવે નહી તેવો દાવા દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ સુધી ફરમાવવાની માંગણી કરેલ છે.

(૨) વાદીની કામચલાઉ મનાઈ અરજની વિગત નીચે મુજબ છે :

આ કામના વાદીએ મોજે ગામ મોટા વાસણા, તા. ઝગડીયા જી.ભરૂચની સીમમા આવેલ બ્લોક / સર્વે નં.૨૫૬ વાળી દાવાવાળી જમની વાદીઓના પિતા મર્હુમ ધનાભાઈ નાથાભાઈ પરમારની માલીકી કબજાની હતી અને તેઓના મરણ બાદ તેઓના સીધી લીટીના વારસો રૂએ તે વાદીઓના નામે દાખલ થયેલી છે અને તેમા વાદી નં.૧ જાતે ખેતી કરી ઉપજ મેળવતા આવેલા છે અને આ સિવાય મોટા વાસણામા ખાતા નં. ૬૮થી વાદીઓની માલીકીની બીજી પણ જમીનો આવેલી છે જે પણ વાદીઓને ધનાભાઈ નાથાભાઈ પરમારના સીધી લીટીના વારસોની રૂએ નોંધ નં. ૪૯૯ થી પ્રાપ્ત થયેલી છે અને તે તમામ જમીનની ખેતી વાદી જ કરતા આવેલ છે અને તેના અર્ધ સરકારી સરકારી વેરાઓ પણ વાદી નં.૧ ભરતા આવેલ છે અને દાવાવાળી જમીનમા પિયતની સગવડ કરી છે અને આજુબાના ખેતરમાથી પાણી વેચાણ લઈ કેળનુ વાવેતર કરી ઉપજ લેતા આવેલ છે જેથી પ્ર.વાદીઓની બદદાનત થતા તેઓ અવાર નવાર જમીન વેચાતી યા આઘ ભાગે ખેડવા જોઈએ છે તેમ જણાવતા અને અને અમે ના પાડેલી જેથી તેઓ રોષે ભરાયેલા અને ગઈ કાલે સવારે દાવાવાળા ખેતરમામા કેળનુ વાવેતર જોવા ગયેલા ત્યારે પ્ર.વાદી આવી ગાળો બોલી કહેતા હતા કે "

શાલા ઢેડકાઓ બહુ ફાટી ગયા છો આ જમીન આપવા કેમના પાડો છો હવે તમો આ ખેતર કેળા કરો છો એનો કબજો હુ કરી લઈ કેળા પણ કાપી જઈશ અને હવે થી ખેતરમા આવશો નહી અને આવશો તો જોવા જેવી થશે તેવી ધમકીઓ આપી જતા રહેલ. જેથી પ્ર.વાદીઓ માલેતુરજાર ઈસમ છે અને અમો ગરીબ ઈસમોની જમીનમા ઘુસી જઈ કબજો કરી ન કરી લ ે અને સુલેહ શાંતીનો ભંગ કરી અન્ય પ્રકરણોમા સંડોવી દે તેમ હોઈ પ્ર.વાદીઓ સામે કામ ચલાઉ મનાઈ હુકમની અરજ કરેલ છે.

(૨.૧) સદર અરજીના સમર્થનમાં આંક–૩ થી દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ રજુ કરેલ છે જે જોતા નિ.૩/૧ મોજે મોટા વાસણાની દાવાવાળી જમીનના ગા.નં.૮–અના ખાતા નં.૬૮નો ઉતારો, નિ.૩/૨ અને ૩/૩ મોજે ગામ મોટા વાસણા ના બ્લોક સર્વે નં.૨૫૬ની ના ગામ નમુના નં.૭ અને ૧૨નો ઉતારો, નિ. ૩/૪ થી ૩/૩૪ જમીન મહેસુલ, શિક્ષણ કરભર્યાની રસીદો સને ૧૯૯૯ થી ૨૦૧૩ સુધીની રજુ કરેલ છે. તથા આંક–૬ થી તિભોવનભાઈ મયુરભાઈનાઓની એફીડેવીટ રજુ કરેલ છે.

(૩) સદરહુ કામે પ્રતિવાદીને નોટીસ ઈસ્યુ કરતા પ્ર.વાદી નં.૧નાએ તેઓના વકીલશ્રી મારફતે હાજર થઈ દાવા અને મનાઈ અરજનો જવાબ આંક–૧૨થી રજુ કરેલ છે. જેમા વાદીના દાવા તથા મનાઈ અરજીની હકિકતોનો ઈન્કાર કરી ખરી હકિકતે જણાવેલ છે કે, દાવાવાળી જમીન પ્ર.વાદીના મરનાર દાદાના કબજા ભોગવટામા પ્રથમ સને ૧૯૭૬ ના અરસાથી ગણોત હકકથી ચાલી આવેલી હતી અને તે બાદ તા. ૨૨–૪–૮૮ ના રોજ સદર જમીન પ્ર.વાદીઓના દાદાને વાદી નં.૧–૨–૩નાએ જાતે તથા તેમના મરનાર પિતા ધનાભાઈ નાથાભાઈ પરમારે વેચાણ આપી દીધેલી હતી અને તે અંગે એક વેચાણ કરાર કરી આપેલો હતો તે આધારે પ્ર.વાદીના દાદા હરીભાઈ પરસોતમભાઈ માછીના કબજામા અને બાદ અમો પ્ર.વાદીઓના કબજામા વારસાઈ હકકથી ચાલી આવેલી છે અને દાવાવાળી ધુળીબેન તે ધના નાથાની સધવાની માલીકીની તથા કબજા ભોગવટાની અને રેવન્યુ રેકર્ડમા તેણીના નામે ચાલી આવેલી જમીન આવેલી હતી અને તે જમીન અમો પ્ર.વાદીઓના દાદા હરીભાઈ પરસોતમભાઈએ સને ૧૯૭૬ના અરસામા ગણોતીયા તરીકે ખેડવા આપી દીધેલી

હતી અને ત્યારથી સદરહુ જમીનનો કબજો ભોગવટો તથા ખેડ હકક અમો પ્ર.વાદીઓના મરનાર વડીલ હરીભાઈ પરસોતમભાઈનો ચાલી આવેલ હતો અને જમીનના ગણોતની રકમ તેણીને આપતા આવેલા હતા તેમના મરણ બાદ તેમના કાયદેસરના સીધી લીટીના વારસો આ કામના વાદીઓ તથા વાદીઓના મરનાર વડીલ પિતા ધનાભાઈ નાથાભાઈને આપતા આવેલા હતા અને તે મુજબ જમીન વર્ષો વર્ષ ખેડ કરબ કરી તેમા વાવેતર કરી તેનુ ઉત્પન્ન પ્ર.વાદીઓના દાદા હરીભાઈ પરસોતમ લેતા આવેલ હતા અને સદરહુ જમીનના ખેડહકકમા પ્ર.વાદીઓના દાદાનુ નામ પણ દાખલ થયેલ હતુ અને તે દરમ્યાન ધુળીબેન મરણ ગયેલા અને તેમના વારસો વાદીઓ તથા તેમના પિતા ધનાભાઈ પરમારે પ્ર.વાદીઓના દાદ હરીભાઈનો કબજો ચાલુ રાખેલો હતો અને બાદ સને ૧૯૮૮ના અરસામા વાદીઓ તથા તેમના વડીલ ધનાભાઈ નાથાભાઈએ દાવાવાળી જમીન અમો પ્ર.વાદીઓના મરનાર વડીલ હરીભાઈ પરસોભાઈને વેચાણ આપવાનુ નકકી કરેલ અને વાદીઓ તથા મરનાર ધનાભાઈ નાથાભાઈને કોટુંબિક જરૂરીયાત માટ નાંણાની જરૂર હોવાથી આ જમીન તે સમયે ચાલતી બજાર કિંમત મુજબની રૂા.૮૦૦૦/– અંકે રૂા.આઠ હજાર પુરા નકકી કરી તે પેટે રૂા.૭૮૦૦/–પુરા સ્વીકારી દાવાવાળી જમીન પ્ર.વાદીના દાદા હરીભાઈ પરસોતમને વેચાણ આપી દીધેલી અને તે કરારમા વાદીઓ તથા તેમના મરનાર પિતા ધનાભાઈ નાથાભાઈએ દાવાવાળી જમીન પ્ર.વાદીના દાદા હરીભાઈ પરસોતમભાઈના કબજા છેલ્લા ૧૨–૧૩ વર્ષથી ગણોતીયાના હકકથી ચાલી આવેલી છે અને તેનુ ગણોત વાદીઓ તથા તેમના પિતાને આપતા આવેલા છે અને પ્ર.વાદીના દાદાનુ નામ ખેડહકકમા દાખલ થયેલ છે તે મુજબ હકકો સ્વીકારી તા. ૨૨–૪–૮૮ ના વેચાણ કરાર કરી વેચાણ આપી દીધેલી અને જમીન અંગે જરૂરી પરવાનગી મેળવી વેચાણ દસ્તાવેજ કરી આપવાની જવાબદારી સ્વીકારેલી હતી  અને કોઈ બોજો નીકળી આવે તો તે ભરવાની જવાબદારી પણ સ્વીકારેલી હતી અને સદર જમીનનુ જમીન મહેસલ કરારની તારીખથી ભરપાઈ કરવાની જવાબદારી પ્ર.વાદીઓ દાદા હરીભાઈ ઉપર નાખેલી અને કરાર સ્વીકારે તેમા વાદીઓના મરનાર પિતા ધનાભાઈ નાથાભાઈએ અંગુઠો કરેલ અને વાદી નં.૧એ સહી કરેલ

અને વાદી નં.૨—૩નાએ અંગુઠો કરી આપેલ અને બે સાક્ષીઓની સહી કરી આપેલો અને આ દાવાવાળી જમીનનો કબજો ભોગવટો તથા વહીવટ ઉપયોગ તથા ખેડ હકક પ્ર.વાદીઓનો કાયદેસરના વારસદારની હેસીયતથી ચાલી આવેલ છે અને સદર જમીન ખેડી —કરબી તેમા સુધારા વધારા કરી પિયતની સગવડ કરી આજુબાજુમાથી પાણી લઈ કેળનુ વાવેતર કરી ઉત્પન્ન લેતા આવેલા છે અને ચાલુ સીઝનમા પણ બહોળો ખર્ચ કરી કેળનુ વાવેતર કરેલ છે તેથી સદર દાવાવાળી જમીનનો કબજો ભોગવટો સને ૧૯૭૬ થી વાદીઓ કે તેમના મરનાર વડીલનો હતો નહી કે છે નહી અને તે હકીકતથી વાદીઓ માહિતગાર હોવા છતા તે છુપાવી બદદાનતથી હાલનો દાવો તથા મનાઈ અરજી લઈને આવેલ છે તેવો સંજોગોમા મનાઈ હુકમની ઈકવીટેબલ દાદ હોય મેળવવા હકકદાર બનતા નથી અને અરજી રદ જવાને પાત્ર છે.

(૩.૧) પ્ર.વાદીએ તેમના જવાબના સમર્થનમા આંક—૧૩ થી દસ્તાવેજી પુરાવાનુ લીસ્ટ રજુ કરેલ છે. જે જોતા નિ.૧૩/૧ થી રજુ ગામ નમુના નંબર ૭ અને ૧૨ની ઝેરોક્ષ નકલમા ખેડુત તરીકે પ્ર.વાદીઓના વડીલ હરીભાઈ પરસોતમભાઈનુ નામ છે અને નિ. ૧ ૩/૫ થી નિ.૧૩/૩૩ જોતા જમીન મહેસુલ, શિક્ષણ કર વિગેરેની રસીદોની ઝેરોક્ષ નકલો છે તેમા સર્વે નં.૨૫૬ જે ખાતા નં. ૬૮મા આવેલ છે તે જમીન પરત્વે ભરવામા આવેલ છે તેવુ પ્રતિપાદીત થતુ નથી. અને નિ.૧૩/૨ અને ૧૩/૩ થી સદરહુ જમીન બાઈ ધુરીની હતી અને તે વારસાઈ થી ધનાભાઈ નાથાભાઈ અને તેમના વારસદારોના વારસાઈથી નામો દાખલ થયેલાની નોંધ છે. નિ. ૧૩/૪નો વેચાણ કરાર જોતા તેમા ફકત ધનાભાઈ નાથાભાઈ અને અંબાલાલ ધનાભાઈનો અંગુઠો તથા સહી છે પરંતુ સદર વેચાણ કરાર અન—રજીસ્ટર્ડ છે અને સદર કરારના સમર્થન માટે આંક—૧૪ અને ૧૫ અને નિ.૨૯/૧ થી પ્ર.વાદી તરફે કરારના સાક્ષીઓની એફીડેવીટ રજુ કરેલ છે તેમજ પ્ર.વાદી તરફે નિ.૨૯/૨ થી ખેડહકક કેસ નં.૩/૧૩ના કામે તા. ૨૨/૮/૧૩ના રોજ ખેડહકકમા તેઓનુ નામ દાખલ કરતો મામલતદારશ્રી, ઝઘડીયાના હુકમની નકલ રજુ કરેલ છે જે હાલનો દાવો દાખલ થયા બાદ કરવામા આવેલ છે. આમ, પ્ર.વાદી પ્રથમ વેચાણ કરારથી કબજો ભોગવટો છે તેમ

જણાવે છે અને બાદ તા. ૨૨/૮/૧૩નો હુકમ ૨જુ કરી ગણોતીયા તરીકે ખેડહકકમા પોતાનુ નામ દાખલ કરાવેલ અને તે હુકમની સામે નિ.૩૬/૧થી નાયબ કલેકટરશ્રીમા થયેલ અપીલમા પણ હુકમ કાયમ રાખવામા આવેલ છે તેની નકલ ૨જુ કરેલ છે. આમ, પ્ર.વાદીઓએ વાદી ચોખ્ખા હાથે આવેલ નથી અને વાદીઓનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી કે બેલેન્સ ઓફ કન્વીયન્સ, કે ઈરીપેરેબલ લોસ થાય તેમ નથી વાદીઓનો દાવો તથા મનાઈ અરજી ૨દ કરવાની અરજ કરેલ છે. પ્ર.વાદીના જવાબની તમામ હકીકતો સામે વાદી ઘ્વારા કાઉન્ટર એફીડેવીટ આંક–૧૯ ૨જુ કરેલ નથી.

(૪) આમ ઉપરોકત હકીકતે સદર મનાઈ અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**<u>મુ દૃા</u>**

(૧) શું વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરે છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદી પુરવાર કરે છેકે માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાનો સંભવ છે ?

(૪) શું હુકમ ?

(૫).. ઉપરોકત મુદૃાઓ પરત્વે મારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) હકારમાં,

(૪) આખરી હુકમ મુજબ.

## <u>ક ા ર ણો</u>

(૬).. **<u>મુ દૃ ા નં. ૧ થી ૩ :–</u>**

વાદી વકીલ શ્રી એ.એચ.પંડયા તથા પ્ર.વાદીઓ તરફે વિ.વ.શ્રી આર.ટી.શાહ નાઓની મૌખિક દલીલો સાંભળી તથા આંક–૪૦થી પ્ર.વાદીઓની લેખીત દલીલો ઘ્યાને લીધી.

(૭) વાદીના વિ.વ.શ્રી એ.એચ.પંડયા દલીલો કરતા જણાવે છે કે સદર દાવાવાળી જમીન વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટાની અને વારસાઈથી પ્રાપ્ત થયેલ છે અને તેમા વાદી નં.૧ જાતે ખેતી કરી કરાવી ઉપજ મેળવતા આવેલા છે અને તેના સરકારી કે અર્ધ સરકારી વેરા પણ ભરતા આવેલા છે અને આ જમીન પ્ર.વાદીઓને વેચાતી યા આધ ભાગે ખેડવા જોઈએ છે અને તે માટે પ્રયત્નો કરેલા પરંતુ સદરહુ જમીન વાદીઓની આજીવીકાનુ એકમાત્ર સાધન હોય કોઈપણ ભોગે આપવા તૈયાર નથી જેથી પ્ર.વાદીઓ રોષે ભરાયેલા છે અને વાદી નં.૧ને પ્ર.વાદીએ આવી ગાળો બોલી જમીન આપવા કેમના પાડો છો હવે તમો આ ખેતર કેળા કરો છો એનો કબજો હુ કરી લઈ કેળા પણ કાપી જઈશ અને હવેથી ખેતરમા આવશો નહી અને આવશો તો જોવા જેવી થશે તેવી ધમકી આપતા પ્ર.વાદીઓ વિરુઘ્ધ જાથુનો કાયમી મનાઈ હુકમ મેળવવા માટે હાલનો દાવો કરેલ છે. દાવાવાળી મિલકત ટુકડો છે અને તેમા પ્ર .વાદીઓએ હાલનો દાવો દાખલ કર્યા પછી ખેડહકકમા બદઆશયથી પોતાનુ નામ દાખલ કરાવવાનો હુકમ મેળવેલો છે. અને તેઓનુ નામ ખેડહકકમા દાખલ કરવાના હુકમ બાદથી તેઓનુ નામ ખેડહકકમા દાખલ થયેલ હોય તેવો કોઈ પુરાવો રજુ રાખેલ નથી અને સદર હુકમ વિરુઘ્ધ અપીલ દાખલ કરેલ છે. વધુમા દલીલ કરતા જણાવે છે કે, વાદીઓના પિતાએ પ્ર.વાદીઓના દાદાને કોઈ વેચાણ કરાર કરી આપેલ નથી અને દાવાવાળી જમીનનો કબજો સોપેલ નથી કે કયારેય તેઓને ગણોતીયા તરીકે રાખેલ નથી. નિ.૧૩/૪ના વેચાણ કરાર અન્વયે દલીલ કરતા જણાવે છે કે સદર કરાર ટ્રાન્સફર ઓફ પ્રોપટી એકટની જોગવાઈ વિરુઘ્ધનો છે જેથી તેવો કરારથી પ્ર.વાદીઓના વડીલ હરીભાઈ કે પ્ર

.વાદીઓને હકક હિસ્સો મળવાને પાત્ર નથી.  આમ, વાદીઓનો દાવાવાળી જમીનમા કાયદેસરનો હકકથી ખેડી પોતાનુ ગુજરાન ચલાવતા હોઈ વાદીઓનો હકક ડુબે નહી જેથી વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ હોય અને સગવડતા અગડવતાનુ પલ્લુ પણ તેઓની તરફેણમા છે અને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાનો સંભવ જેથી વાદીને માગ્યા મુજબનો મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ સુધીનો મળવાપાત્ર છે.

(૮) ઉપરોકત દસ્તાવેજી પુરાવો અને જવાબની હકીકત સાથે પ્ર.વાદી તરફે આંક–૪૦ થી મનાઈ અરજી વિરૂઘ્ધ લેખિત દલીલ રજુ કરવામા આવેલ છે. જે વંચાણે લેતા પ્ર .વાદીઓના દાદા હરીયાભાઈ સને ૧૯૭૬ થી ગણોતીયા તરીકે દાવાવાળી જમીન ખેડતા આવેલ છે અને ગણોતની રકમ આપતા હતા અને ત્યારથી તેઓનો કબજો ભોગવટો ચાલી આવેલ છે અને તેમના દાદા બાદ પ્ર.વાદીઓનો કબજો ભોગવટો ચાલી આવેલ છે અને વાદીઓના વડીલને નાણાંની જરૂર પડતા રૂા.૮૦૦૦/–ની કિંમત નકકી કરી રૂા.૭૮૦૦/– રોકડા ચુકવી સદર મિલકત કરારથી વેચાણ આપી દીધેલી તે અંગે તા. ૨૨/૪/૮૮ના રોજ કરાર કરી આપેલ જેમા પ્ર.વાદીઓના દાદા કરાર કર્યો તે અગાઉ છેલ્લા ૧૨–૧૩ વરસથી ગણોતીયા તરીકે ખેડતા આવેલ છે તેવી હકીકત લખેલ છે જે નિ.૧ ૩/૪ થી રજુ કરેલ છે અને કરારના સમર્થનમા કરારના સાક્ષીઓ અને લખનારની એફીડેવીટ રજુ કરેલ છે અને ચાલુ દાવાના કામે તા. ૨૨–૮–૧૩ના રોજ ખેડહકકમા પ્ર .વાદીઓના નામ દાખલ કરવાનો હુકમ મામલતદારશ્રી, ઝઘડીયાએ કરેલ છે અને તે હુકમ નાયબ કલેકટરમા કાયમ રહેલ છે અને બાદથી વાદીઓએ કોઈ અપીલ કે રીવીઝન દાખલ કરેલ નથી.  પ્ર.વાદીઓ તરફે તેઓની દલીલને સમર્થનમા નામદાર વડીઅદાલતના ચુકાદા ઉપર આધાર રાખેલ નથી.

(૯) હવે બંને પક્ષની રજૂઆતો ઘ્યાને લેતાં અને રજુ થયેલ નામદાર વડી અદાલતોના ચુકાદાઓને માનસર વંચાણે લેતા દાવાવાળી મિલકત પરત્વે શું સ્થિતિ છે, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ ? બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કોની તરફેણમાં છે ? તે અંગે જોતાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ તથા વાદીની મનાઈ અરજીની હકિકતો તથા પ્ર

તિવાદીઓના જવાબની વિગતો અને દલીલોને ધ્યાને લેતાં સદર દાવાના કામે વાદી તથા પ્ર .વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતા પ્ર.વાદી એ સર્વે ન. ૨૫૬ પરત્વે નિ. ૧૩/૧ થી સને ૧૯૮૭મા ખેડુત તરીકે પ્ર.વાદીઓના વડીલનુ નામ હતુ તેમ દર્શાવતો ગામ નમુના નં. ૭ અને ૧૨ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે અને સદર સર્વે ન. ૨૫૬ ખાતા નં. ૬૮મા આવે છે. અને સદર સર્વે નં. ૨૫૬ ખાતા નં. ૬૮મા તે સિવાય રેકર્ડ ઓફ રાઈટસમા પ્ર .વાદીઓનુ કે તેમના વડીલ હરીભાઈનુ નામ દાખલ થયેલ હોય તેવો કોઈ પ્રથમ દર્શનીય પુરાવો પ્ર.વાદીઓ તરફે રજુ થયેલ નથી અને વેચાણ કરાર જે અન–રજીસ્ટર્ડ છે જે અંગેની સાબીતી પુરાવો લીધા બાદ જ તેની ગ્રાહયતા નકકી કરી શકાય તેમ છે જેથી પ્ર .વાદીઓના વડીલ હરીભાઈએ વાદીઓ પાસેથી સદર દાવાવાળી મિલકત વેચાણ કરારથી ખરીદ કરેલ અને તે હેસીયતથી હાલના પ્ર.વાદીઓનો હકક હિસ્સો ચાલી આવેલ છે તે પ્રથમ દર્શનીય રીતે સાબીત થતુ નથી અને વાદીઓનો દાવાવાળી મિલકત પરત્વે રેકર્ડ ઓફ રાઈટસ જોતા અને પ્ર.વાદીઓએ કબુલ રાખેલ છે કે વાદીઓને દાવાવાળી મિલકત વારસાઈથી મળેલ છે જે જોતા વાદીઓ પ્રથમ દર્શનીય રીતે દાવાવાળી મિલકત પરત્વે હકક હિસ્સો ધરાવે છે તેમ સાબીત થાય છે અને પરત્વે વાદીઓ તરફે નિ. ૩/૧ થી ૩/૨ દાવાવાળી ખેતીની જમીન અંગે ગામ નમુના નં. ૭,૮,૧૨નો ઉતારો છે અને તેમા વાદીઓનુ ખાતેદાર/કબજેદાર તરીકે નામ છે અને તેમા પ્ર.વાદીઓનુ નામ કોઈપણ હકકે જણાઈ આવતુ નથી. વળી, પ્ર .વાદીઓ વેચાણ કરારથી કબજો ભોગવટો અને માલીકી હકક હોવાનો દાવો કરે છે જેથી વેચાણ કરાર જે અન–રજીસ્ટર્ડ છે તે સાબીતીનો બોજો પ્ર.વાદીના શીરે હોઈ જે અંગેની સાબીતી પુરાવો લીધા બાજ નકકી થઈ શકે તેમ છે.

(૧૦) આમ, ઉપરોકત હકીકત અને દસ્તાવેજી પુરાનાને ધ્યાને લેતા પ્ર.વાદી સામે મનાઈ હુકમ આપવાથી તેઓને કોઈ નુકશાન જવાનો સંભાવના નથી કે સગવડ અગવડની સમતુલા તેઓના પક્ષે જણાઈ આવતી નથી. વેચાણ કરાર અંગે બન્ને પક્ષે પુરાવો લીધા બાદ તેની કાયદેસરતા નકકી થઈ શકે તેમ હોય જેથી તે અંગે વધુ ચર્ચા કરવામા આવેલ નથી. જયારે વાદી દાવાવાળી જમીનમા ખેડુત તરીકે સને ૨૦૦૪ થી

૨૦૧૧ સુધી દર્શાવવામા આવેલા છે જેથી તેઓ દાવાવાળી જમીનના કબજામા ભોગવટામા છે તેમ માનવાને કારણ મળે છે તથા પ્ર.વાદીઓનુ નામ ખેડુત હકકે દાખલ કરવાનો રેવન્યુ ઓથોરીટી એટલે કે મામલતદારશ્રીનો હુકમ ધ્યાને લેતા રેવન્યુ ઓથોરીટીએ દાવો દાખલ થયા બાદ પ્ર.વાદીનુ નામ ખેડુત હકકે દાખલ કરવાનો હુકમ કરેલ છે. જેથી વાદી કે પ્ર .વાદીની વિરુધ્ધમાં હુકમ કરવામાં આવે તો તે સગવડ અગવડની સમતુલાનું ધોરણ સચવાઈ રહે તેમ નથી.

આમ, બન્ને પક્ષે યથાવત સ્થિતિ જાળવી રાખવાનો મનાઈ હુકમ જો મંજુર કરવામાં આવે તો બન્ને પક્ષે સગવડ અગવડની સમતુલાનું ધોરણ પણ સચવાઈ રહેશે અને નાણામાં વાસ્તવિક રીતે આંકી ન શકાય તેવા નુકશાન અને હાડમારીના વિપરીત સંજોગો નિવારી શકાશે તેવું મારું નમ્રપણે માનવું છે એ રીતે વાદી પ્રથમદર્શનીય કેસની વ્યાખ્યામાં પડે તેવો તેમનો કેસ દર્શાવી શકેલા છે ત્યારે ઉકત ચર્ચાના અંતે આ અરજીનો ન્યાયીક અંત આણવા મુદ્દાનં.૧ થી ૩ નો જવાબ હકારમાં ઠરાવુ છું.

**<u>મુદા નંબરઃ– ૪</u>**

(૯) ઉપરોકત મુદા નં. ૧ થી ૩ના જવાબ અનુસાર મનાઈઅરજીનો આખર હુકમ ફરમાવવા ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો આખરહુકમ કરવામા આવે છે.

–:: **<u>આ ખ રી હુ ક મ</u>** ::–

(૧) વાદીની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી તથા પ્રતિવાદી ધ્વારા દાવાના આખરી નિકાલ સુધી યથાવત સ્થળ સ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અરજીનું ખર્ચ દાવાના આખરી નિકાલને અનુસરશે.

(૪) જરુરી પ્રો.ફી જમા થયેથી નિયમોનુસાર કાર્યવાહી કરી પ્રતિવાદીને મનાઈ હુકમની બજવણીની વાદીએ કાર્યવાહી કરવી. અને કચેરીએ તે મુજબના પ્રોસ ેસ કરવા.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Date : 17.10.2016

Place : Jhagadia

(Bakulkumar Natvarlal Dave)

Additional Civil Judge, Jhagadia

Code No. GJ01272